# તાજપુર કેમ્પનો મેશ્વો પૂલ બે માસથી બંધ છતાં મરામત હાથ ધરાતી નથી

## ક્વોરી ઉદ્યોગ પડી ભાંગ્યો, વિદ્યાર્થીઓના અભ્યાસ તથા ધંધા રોજગારને પડેલી ભારે અસર

તલોદ, તા. ૨૨

તલોદ, ગાંધીનગર અને અમદાવાદને સાંકળતો અતિ મહત્વનો તાજપૂર કેમ્પ નજીકનો મેશ્વો પુલ ક્ષતિગ્રસ્ત થતાં બે માસ અગાઉ વાહન વ્યવહાર માટે બંધ કરી દેવાયો છે. બે માસના સમયગાળા દરમ્યાન પણ તંત્રએ આ પુલનું સમારકામ હાથ ન ધરતાં પ્રજાજનોમાં તંત્રની બે ફિકરાઈ ઉપર ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે ધારાસભ્ય દ્વારા તંત્રને લેખિતમાં જાણ કરી સત્વરે પુલ ચાલુ કરવા માંગ કરાઈ હોવા છતાં પણ તંત્ર હરકતમાં નથી આવ્યુ. જેથી ક્વોરી ઉદ્યોગને ભારે નુકશાન થઈ રહ્યુ છે. સાથોસાથ વિદ્યાર્થીઓના અભ્યાસ અને ધંધા રોજગારને માઠી અસર પહોંચી છે.

તલોદ તાલુકાનો અતિ મહત્વનો અને ગાંધીનગર, અમદાવાદ, મોડાસા, ધનસુરા અને શામળાજીને તલોદ, ધનસુરા, વડાગામ તથા અન્ય શહેરો સાથે સાંકળતો મેશ્વો નદી ઉપરનો પુલ બે માસ અગાઉ ક્ષતિગ્રસ્ત થતાં વાહનવ્યવહાર માટે બંધ કરી દેવાયો છે. આ પુલને મરામત કરી સત્વરે વાહન વ્યવહાર શરૂ કરવા ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાએ માર્ગ અને મકાન મંત્રીને બે માસ અગાઉ લેખિતમાં જાણ કરી હતી. છતાં પણ તંત્રએ કોઈ જ પગલાં લીધા નથી. જેથી આ અંગે મહેન્દ્રસિંહ બારૈયાએ જણાવ્યું હતું કે આ મુદ્દો આગામી વિધાનસભા સત્રમાં ઉઠાવી જવાબદારો સામે કડક પગલાની માંગ કરાશે.

અતિ અગત્યતા ધરાવતા આ પુલ ઉપર વાહનવ્યવહાર બંધ કરી દેવાથી ક્વોરી ઉદ્યોગ ઠપ્પ થઈ જવા પામ્યો છે અને વિદ્યાર્થીઓના અભ્યાસ બગડી રહ્યા છે. ધંધા, રોજગારને માઠી અસર પહોંચી છે. વધુમાં મુસાફરી મોંઘી અને સમય બગાડનારી થઈ ગઈ છે. દૈનિક હજારો વાહન આ પુલ ઉપરથી પસાર થતાં હતા તેમજ સરકાર દ્વારા નિયુક્ત ઈજનેરોને સમયાંતર આ અંગે અભ્યાસ કરી પુલની સ્થિતિ જણાવવા નિર્દેશ કર્યો હતો. છતાં પણ સરકારી ઈજનેરોએ સરકારને પુલની સ્થિતિ અંગે અંધારામાં રાખી અત્યાર સુધી સબ સલામતનો રિપોર્ટ કરે રાખ્યો હોવાનું લોકો જણાવી રહ્યા છે. જ્યારે અચાનક જ આ પુલને બંધ કરી દઈ પ્રજાજનોને ભારે હાલાકીમાં મુકી દેવાયા છે.

જેથી જે તે ઈજનેરો વિરૂદ્ધ કાયદાકીય કાર્યવાહી કરી કડક સજા કરવામાં આવે તેમજ હાલ આ પુલને સત્વરે વાહનવ્યવહાર માટે શરૂ કરવામાં આવે તેવી માંગ લાખ્ખો પ્રજાજનો સરકાર સમક્ષ કરી રહ્યા છે.

# ડીસા મામલતદાર કચેરી માર્ગ ડીવાયએસપી દ્વારા ખુલ્લો કરાયો

ડીસા, તા. ૨૨

ડીસા શહેરના મામલતદાર કચેરી માર્ગ પર સવારે ગાડી સાથે નિકળેલ ડીવાયએસપી ટ્રાફિકમાં અટવાતા તેમણે આ રોડ પર ગેરેજવાળાઓ તેમજ વેપારીઓ દ્વારા મુકવામાં આવેલ વાહનો હટાવી ટ્રાફિક ખુલ્લો કરાવ્યો હતો.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)


પ્રાપ્ત વિગતો અનુસાર ડીસા શહેરમાં ફૂવારા સર્કલ, ભગવતી ચોક, તેમજ અન્ય વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યા વકરી રહી છે. શહેરમાં ટ્રાફિકના સંચાલન માટે ટ્રાફિક કર્મચારીઓનો કાફલો હોય છે તો ટ્રાફિક સમસ્યા માથાના દુઃખાવારૂપ બની રહી છે. ત્યારે આજે ડીવાયએસપી એચ.આર. દેસાઈની ગાડી શહેરના મામલતદાર માર્ગ પરથી પસાર થઈ રહી હતી ત્યારે કેટલાક વેપારીઓ દ્વારા દુકાનની સામે માર્ગ પર બાઈકો મુકી દેતા ડીવાયએસપીની ગાડી ટ્રાફિકમાં અટવાઈ ગઈ હતી. આથી ડીવાયએસપી દેસાઈ ગાડીમાંથી ઉતરી ટ્રાફિક પી.એસ.આઈ. એસ.ડી. ચૌધરી સહિત સ્ટાફના માણસોને બોલાવી લીધા હતા અને તેમણે તમામ બાઈકો તેમજ અન્ય દબાણો હટાવ્યા હતા અને ફરી દબાણ ન થાય તે માટે જમાદારને ફરજ પર મુક્યા હતા. રોડ પરના દબાણ દૂર થતા લોકોએ પણ હાશકારો અનુભવ્યો હતો.

# દાંતીવાડાની વિદ્યાવિહાર વિદ્યાલયમાં તાલુકા કક્ષાનો વિજ્ઞાન મેળો યોજાયો

દાંતીવાડા, તા. ૨૨

દાંતીવાડા કોલોનીમાં સ્થિત વિદ્યાવિહાર માધ્યમિક શાળા (વિજ્ઞાન પ્રવાહ)માં તાલુકા કક્ષાના વિજ્ઞાન મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં આમંત્રિત મહાનુભાવો અને અધિકારી-પદાધિકારી હાજર રહ્યા હતા અને બાળકોને પ્રોત્સાહન આપ્યું હતું.

દાંતીવાડા કોલોની સ્થિત કરૂણા સેતુ ગ્રામ વિકાસ ટ્રસ્ટ નીલપુર સંચાલિત વિદ્યાવિહાર વિદ્યાલયમાં તાલુકા કક્ષાનો વિજ્ઞાન મેળો યોજાયો હતો. જેને ટ્રસ્ટના પ્રમુખ સવજીભાઈ ભુતાડીયા અને તાલુકા પંચાયતના પ્રમુખે રીબીન કાપી ખુલ્લો મુક્યો હતો. આ વિજ્ઞાન મેળામાં તાલુકા કક્ષાની ૫૫ શાળાઓના ૧૧૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓ દ્વારા વિજ્ઞાને લગતા સાધનો બનાવવામાં આવ્યા હતા. જેમાં નીલપુર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ બનાવેલ સ્ટેડીયમ આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. વિજ્ઞાન મેળામાં જિલ્લા યુવા ભાજપ પ્રમુખ અમૃત દવે, મહામંત્રી હરેશ ચૌધરી, બાબુઈ મોદી, ઈશ્વરસિંહ સોલંકી, કરસનભાઈ પંત્રોડ, પ્રવિણભાઈ જોષી, અહેમરાજ ગોહીલ, કેળવણી નિરીક્ષક ભારતભાઈ ચૌધરી, અશોક પ્રજાપતિ તેમજ શિક્ષક મિત્રો સહિત અનેક નાગરિકો અને અગ્રણીઓ જોડાયા હતા અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરૂ પાડ્યુ હતુ. આ મેળાનું સંચાલન દરઘાભાઈ પટેલ તેમજ વિનોદભાઈ ચૌધરીએ કર્યુ હતુ.



(તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)

# પ્રાંતિજ શહેરમાં ભાજપ દ્વારા મોંઘવારી વિરોધી કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ, તા. ૨૨

કેન્દ્ર સરકાર હાલના તબક્કે કારમી મોંઘવારીને અંકુશમાં લેવા માટે કોઈ નક્કર પગલા લઈ રહી નથી ત્યારે આ મોંઘવારીના વિરોધમાં રાજ્યમાં જુદી જુદી જગ્યાઓએ વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યા છે.

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ ભાજપ કાર્યાલયના હોદ્દેદારો દ્વારા મોંઘવારી વિરોધી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં કાર્યકરતાઓ દ્વારા સૂત્રોચ્ચાર કરાયા હતા. પ્રાંતિજ ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો દ્વારા સમગ્ર દેશભરમાં અસહ્ય મોંઘવારીએ માજા મુકી છે. તેના કારણે શહેરમાં વિવિધ જગ્યા ઉપર કોંગ્રેસ સરકારના સામે વિરોધ પ્રદર્શન કર્યો હતો. જેમાં શહેર પ્રમુખ સતીષભાઈ પંડ્યા, તાલુકા પ્રમુખ રમેશભાઈ, મંત્રીમંત્રી વિજયભાઈ પટેલ, મનુભાઈ રામચંદાણી તેમજ મહિલા કાર્યકરો સોનલબેન મોદી, નગરપાલિકાના કોર્પોરેટર વિજયભાઈ શર્મા વગેરે એકત્રીત થઈ કોંગ્રેસ સરકારની સામે સૂત્રોચ્ચાર કર્યા હતા. તેમજ તેમણે જણાવ્યુ હતુ કે કોંગ્રેસના અણઘડ વહીવટને પગલે અસહ્ય મોંઘવારીનો સામનો સામાન્ય પ્રજાને કરવો પડી રહ્યો છે.





(તસવીર : વિઠ્ઠલભાઈ સુથાર)

### જય ભીમનાથ મહાદેવનું અલૌકિક સ્વરૂપ

હાલનું લક્ષ્મીપુરા ભિમાક્ષી નદિના કિનારે છે તે અગ્નિકોણમાં પહેલા હજાર વર્ષ પહેલા સ્થિત ભીમનાથ મહાદેવના મંદિર પાસે ભિમાક્ષીના કાંઠે ગલોડા નામે ગામ હતું. ભીમનાથ મહાદેવ પાસે આરોગ્યને ઉપયોગી એવા જાવંત્રીના છોડ હાલમાં પણ હયાત છે. શ્રાવણી પૂનમે અસંખ્ય ભાવિક ભકતો ભીમનાથના મંદિરે ઉમટે છે અને જુના જાવંત્રીના કુલને યાદ કરી કુદરતની લીલાને આજે પણ યાદ કરી ધન્યતા અનુભવે છે. બળેવના પવિત્ર દિવસે બ્રાહ્મણ, સુથાર, સોની, યજ્ઞોપવિત ધારણ કરવા ઉમટી પડે છે. આમ લક્ષ્મીપુરા ગામની જાહોજલાલી કદાચ ભીમનાથ મહાદેવને આભારી હોય તેમ અચૂક લાગે છે



### ૧૫મી ઓગષ્ટે ખેડબ્રહ્મા તંત્ર દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલને ભૂલાયા!

૧૫મી ઓગષ્ટનો સાબરકાંઠા જિલ્લાનો કાર્યક્રમ ખેડબ્રહ્મા ખાતે રાખવામાં આવ્યો હતો ત્યારે સરકારી તંત્ર દ્વારા ખેડબ્રહ્મા શહેરના રસ્તાઓ અને મકાનો રોશનીથી શણગારવામાં આવ્યા હતા. ત્યારે તા. ૧૪ અને ૧૫ ઓગષ્ટના રોજ સમગ્ર શહેર રોશનીથી ઝળહળતું હતું ત્યારે ગુજરાતના પનોતા પુત્ર સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા અંધારામાં હતી જાણે અરવલ્લી જિલ્લો મોડાસાને અપાતા સરદાર વલ્લભભાઈને શોક પડયો હોય તેવું નગરજનોમાં ચર્ચાઈ રહ્યું હતું. (તસવીર : રમેશભાઈ વૈષ્ણવ)

# તલોદના રાધાકૃષ્ણ મંદિરમાં ભાગવત કથાનું ભકિતસભર આયોજન

## શ્રાવણ સુદ એકમથી શ્રાવણ વદ અમાસ સુધી ભાવિ ભકતોનું ઘોડાપુર

તલોદ, તા. ૨૨

તલોદના સુપ્રસિધ્ધ યાત્રાધામ શ્રી રાધાકૃષ્ણ મંદિરમાં વિદ્વાન બ્રાહ્મણ શ્રી હરિપ્રસાદ કેશવલાલ શાસ્ત્રીના મુખમંડલથી શ્રાવણ સુદ એકમથી અમાસ સુધી એક માસ દરમિયાન બપોરે ૪ થી ૭ વાગ્યા સુધી ભાગવત કથાનું આયોજન કરવામાં આવેલ છે. શ્રાવણ માસના ભકિતમય વાતાવરણમાં ભાવિ ભકતો મોટી સંખ્યામાં ભકિતરસ માણી રહ્યાં છે.

તલોદમાં શ્રાવણમાસ ભકિતસભર વાતાવરણમાં શ્રી રાધાકૃષ્ણ મંદિરના ટ્રસ્ટીગણના આયોજનથી સતત એક માસ સુધી ચાલતાં ભાગવત ગીતા કથાનું આયોજન તલોદના ભાવિ ભકતો, વિદ્વાન બ્રાહ્મણ શ્રી હરિપ્રસાદ કેશવલાલ શાસ્ત્રીના મુખ મંડલથી સતત સરસ્વતિ વરસતાં ભાવિ ભકતો મોટી સંખ્યામાં ભાગવત કથાનો લાહ્નો માણી રહ્યાં છે. આ પ્રસંગે રાધાકૃષ્ણ મંદિરના ટ્રસ્ટીગણ દ્વારા વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ પણ હાથ ધરાઈ છે.

# ઉત્તર ગુજરાતના બજાર ભાવો

| તલોદ | | |
|---|---|---|
| મગફળી | ૬૫૬ | ૭૮૦ |
| મકાઈ | ૩૦૦ | ૩૧૯ |
| એરંડા | ૬૮૨ | ૬૯૨ |
| ઘઉં | ૩૦૮ | ૩૫૪ |
| બાજરી | ૨૨૦ | ૨૯૮ |
| ગવાર | ૯૫૦ | ૧૦૪૦ |

| સલાલ | | |
|---|---|---|
| એરંડા | ૬૬૦ | ૬૭૦ |
| મગફળી | ૬૭૦ | ૮૦૦ |
| ઘઉં | ૩૦૫ | ૩૩૫ |
| બાજરી | ૨૦૫ | ૨૬૦ |
| ડાંગર જ્યા | ૩૧૦ | ૩૪૦ |

| પ્રાંતિજ | | |
|---|---|---|
| એરંડા | ૬૫૦ | ૬૭૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૪૫ |
| બાજરી | ૧૯૫ | ૨૦૦ |
| ડાંગર જ્યા | ૩૧૦ | ૩૪૨ |

| ધનસુરા | | |
|---|---|---|
| એરંડા | ૬૭૫ | ૬૮૫ |
| મકાઈ | ૩૦૦ | ૩૨૦ |
| ઘઉં | ૩૧૫ | ૩૩૫ |
| બાજરી | ૨૩૦ | ૨૭૦ |
| ગવાર | ૮૦૦ | ૯૮૦ |

| ખેડબ્રહ્મા | | |
|---|---|---|
| ઘઉં લોકવન | ૩૧૬ | ૩૨૦ |
| ઘઉં ૪૯૬ | ૩૧૫ | ૩૨૫ |
| મકાઈ | ૨૮૫ | ૨૯૦ |
| એરંડા | ૬૬૫ | ૬૯૦ |

| મોડાસા | | |
|---|---|---|
| રાયડો | ૫૨૫ | ૬૦૦ |
| એરંડા | ૬૮૦ | ૬૯૬ |
| બાજરી | ૨૬૦ | ૨૭૮ |
| મકાઈ | ૨૯૧ | ૩૧૮ |
| ઘઉં | ૩૧૮ | ૩૬૬ |
| મગફળી | ૩૫૦ | ૫૮૫ |
| ગવાર | ૯૦૦ | ૧૦૫૧ |
| ચણા | ૫૪૦ | ૮૦૭ |

| ટીંટોઈ | | |
|---|---|---|
| બાજરી | ૨૩૫ | ૨૫૭ |
| ઘઉં | ૩૦૦ | ૩૧૮ |
| મગફળી | ૫૫૦ | ૬૫૧ |

| દહેગામ | | |
|---|---|---|
| બાજરી | ૨૫૦ | ૨૭૨ |
| ઘઉં | ૩૧૦ | ૩૨૧ |
| ડાંગર | ૨૭૦ | ૩૦૦ |
| એરંડા | ૬૬૯ | ૬૭૩ |
| ગવાર | ૮૫૦ | ૯૫૦ |
| મકાઈ | ૨૩૦ | ૨૮૦ |
| તુવેર | ૫૨૦ | ૬૦૫ |
| જુવાર | ૨૫૦ | ૩૦૦ |
| રાયડો | ૫૨૫ | ૫૭૫ |

| રખિયાલ | | |
|---|---|---|
| બાજરી | ૨૪૫ | ૨૭૦ |
| ઘઉં | ૩૦૫ | ૩૨૦ |
| ડાંગર | ૨૬૫ | ૨૯૦ |
| એરંડા | ૬૬૫ | ૬૭૦ |
| ગવાર | ૮૪૦ | ૯૩૦ |
| મકાઈ | ૨૨૦ | ૨૭૦ |
| તુવેર | ૫૧૦ | ૬૦૦ |
| જુવાર | ૨૪૦ | ૨૯૦ |
| રાયડો | ૫૨૦ | ૫૬૫ |

| હિંમતનગર | | |
|---|---|---|
| મગફળી | ૭૦૦ | ૭૯૫ |
| એરંડા | ૬૮૫ | ૭૦૦ |
| ઘઉં | ૩૧૦ | ૩૮૪ |
| બાજરી | ૨૨૫ | ૨૮૨ |
| મકાઈ | ૨૮૦ | ૩૦૦ |
| ગવાર | ૮૫૦ | ૧૦૫૦ |

| ઈડર | | |
|---|---|---|
| ઘઉં | ૩૧૦ | ૩૬૦ |
| મકાઈ | ૨૮૫ | ૩૧૦ |
| એરંડા | ૬૯૦ | ૬૯૬ |
| બાજરી | ૨૫૫ | ૨૭૫ |
| મગફળી | ૬૫૦ | ૭૪૪ |
| ગવાર | ૭૫૦ | ૯૫૦ |
| જુવાર | ૩૬૦ | ૩૯૫ |

| કડી | | |
|---|---|---|
| તુવેર | ૭૦૦ | - |
| ઘઉં | ૩૦૦ | ૩૩૩ |
| બાજરી | ૨૪૦ | ૨૯૫ |
| ગવાર | ૮૦૦ | ૧૦૭૫ |
| એરંડા | ૬૮૦ | ૬૮૬ |

| પાલનપુર | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૩૩૦ |
| બાજરી | ૧૯૯ | ૨૯૫ |
| એરંડા | ૬૮૨ | ૭૦૦ |
| રાયડો | ૬૦૬ | ૬૨૪ |
| રાજગરો | ૧૧૦૦ | ૧૧૮૮ |
| જુવાર | ૫૨૦ | ૫૨૫ |
| મગફળી | ૫૨૫ | ૮૦૦ |
| ગવાર | ૬૦૦ | ૧૦૮૫ |

| સિદ્ધપુર | | |
|---|---|---|
| રાયડો | ૫૯૪ | ૬૨૩ |
| એરંડા | ૬૬૦ | ૭૦૮ |
| ગવાર | ૬૫૦ | ૧૦૯૩ |
| ઘઉં | ૩૦૦ | ૩૫૬ |
| બાજરી | ૧૮૧ | ૨૮૫ |
| જુવાર | ૩૦૦ | ૭૦૬ |

| વિસનગર | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૪ | ૩૬૩ |
| બાજરી | ૨૦૦ | ૨૮૬ |
| રાયડો | ૬૮૦ | ૭૦૮ |
| જુવાર | ૨૦૦ | ૭૦૧ |
| ગવાર | ૯૭૧ | ૧૦૨૭ |
| રજકાના બી | ૧૪૦૦ | ૨૬૫૦ |

| મહેસાણા | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૫ | ૩૪૬ |
| જીરૂ | ૨૩૨૨ | ૨૪૦૦ |
| રાયડો | ૫૭૭ | ૬૧૬ |
| બાજરી | ૨૧૦ | ૩૦૯ |
| એરંડા | ૬૭૫ | ૭૦૦ |
| ગવાર | ૧૦૩૫ | ૧૦૪૪ |

| આંબલીયાસણ | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૦ | ૩૧૫ |
| બાજરી | ૨૧૦ | ૨૭૮ |
| રાયડો | ૫૬૦ | ૬૧૫ |
| એરંડા | ૬૭૫ | ૬૮૫ |

| જોટાણા | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૩ | ૩૦૮ |
| એરંડા | ૬૭૧ | ૬૮૨ |
| ગવાર | ૧૦૮૫ | - |

| હારીજ | | |
|---|---|---|
| મેથી | ૫૫૦ | ૫૬૮ |
| રાયડો | ૫૮૫ | ૬૧૦ |
| એરંડા | ૬૭૫ | ૬૯૩ |
| સાસટો | ૨૪૦ | ૨૮૫ |
| બાજરી | ૨૨૦ | ૨૫૦ |
| ઘઉં | ૨૯૧ | ૩૩૦ |
| ગવાર | ૮૫૦ | ૧૦૬૦ |
| ચણા | ૫૨૫ | ૫૮૦ |
| જીરૂ | ૨૦૦૦ | ૨૪૭૦ |
| સવા | ૬૦૦ | ૬૬૧ |

| કલોલ | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૭ | ૩૪૫ |
| એરંડા | ૬૮૨ | ૬૮૯ |
| બાજરી | ૨૩૦ | ૨૯૦ |
| રાયડો | ૫૫૦ | ૬૦૫ |
| ડાંગર | ૨૭૦ | ૩૧૫ |
| ગવાર | ૯૮૫ | ૧૦૩૫ |
| જુવાર | ૩૧૦ | ૩૮૪ |

| બાયડ | | |
|---|---|---|
| એરંડા | ૬૬૫ | ૬૮૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૩૦ |
| બાજરી | ૨૪૦ | ૨૭૫ |
| મકાઈ | ૨૮૦ | ૩૦૦ |
| ગવાર | ૯૨૫ | ૧૦૨૫ |

| પાટણ | | |
|---|---|---|
| જીરૂ | ૨૧૫૦ | ૨૪૦૦ |
| વરીયાળી | ૭૫૦ | ૧૨૫૦ |
| રાયડો | ૫૭૫ | ૬૩૭ |
| એરંડા | ૬૭૦ | ૭૦૪ |
| ઘઉં | ૨૯૬ | ૩૭૬ |
| જુવાર | ૨૫૦ | ૫૪૪ |
| બાજરી | ૨૨૫ | ૨૮૩ |
| ગવાર | ૯૧૪ | ૧૦૬૬ |

| ઉંઝા | | |
|---|---|---|
| જીરૂ | ૨૧૨૫ | ૨૮૯૩ |
| વરીયાળી | ૮૩૦ | ૧૮૬૧ |
| ઈસબગુલ | ૧૦૯૬ | ૧૪૦૦ |
| સરસવ | ૬૨૫ | - |
| રાયડો | ૬૦૧ | ૭૦૧ |
| તલ | ૧૮૦૦ | ૨૩૬૧ |
| સવા | ૬૫૧ | ૬૬૧ |

# ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ સરદાર પટેલ માર્કેટ-અમદાવાદ

| શાકભાજી | ઓછો ભાવ | વધુ ભાવ |
|---|---|---|
| બટાટા પંજાબી | - | - |
| બટાટા દેશી | ૧૫૦ | ૨૨૦ |
| બટાટા ડીસા | ૧૯૦ | ૨૬૦ |
| ડુંગળી સૌરાષ્ટ્ર | ૬૦૦ | ૬૦૦ |
| ડુંગળી મહારાષ્ટ્ર | ૭૫૦ | ૮૫૦ |
| રીંગણ | ૩૦૦ | ૫૦૦ |
| રવૈયા | ૪૦૦ | ૭૦૦ |
| કોબીજ | ૨૪૦ | ૪૦૦ |
| ફુલાવર | ૩૨૦ | ૪૪૦ |
| ટામેટા પાકા | ૨૦૦ | ૪૦૦ |
| દૂધી | ૧૬૦ | ૩૦૦ |
| કાકડી | ૨૦૦ | ૪૦૦ |
| ગીલોડા | ૪૦૦ | ૧૧૦૦ |
| મરચાં દેશી | ૩૦૦ | ૬૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૪૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૪૦૦ |
| બીટ | ૨૦૦ | ૩૨૦ |
| ગાજર | ૨૦૦ | ૨૬૦ |
| મરચા ધોલાર | ૮૦૦ | ૧૦૦૦ |

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન